# રથયાત્રાની સાથે સાથે...

● સેક્ટર-૨૨ ખાતે વેપારી અગ્રણી કાળીદાસ પટેલ, ડૉ. સંજીવ શાહ, મુકેશ પટેલ, જગદીશ નાયીએ રથયાત્રાનું સ્વાગત કરી પૂજા અર્ચના કરી.

● સે. ૧૭ શોપીંગ સેન્ટર ખાતે રજુજી ગોલ, મુકુંદ સુખડિયા અને કનુભાઈ રાવલે ભગવાન જગન્નાથજીની આરતી ઉતારી સ્વાગત કર્યું.



● સે. ૧૭ હનુમાનજી મંદિરે પૂજારી વિષ્ણુભાઈ આચાર્ય દ્વારા આરતી કરી સ્વાગત કર્યું.

● સે. ૧૬ શોપીંગ સેન્ટરે પ્રવિણસિંહ વાઘેલા, મોહન મગદાણી, અમૃતભાઈ પટેલ, દિલીપભાઈ પટેલે સ્વાગત કર્યું.

● સે. ૧૨/૧૩ ખાતે રાજ્યના સંસદીય સચિવ વાસણભાઈ આહિર, મેયર હંસાબેન, ડે. મેયર કાર્તિકભાઈ, શહેર ભાજપ પ્રમુખ નીતિનભાઈ પટેલ, ઉપાધ્યક્ષ નાજાભાઈ ધાધર સહિતના રહિશો અને ભાજપાના સભ્યોએ રથયાત્રાનું સ્વાગત કર્યુ હતુ. તેમજ માલપુવા, છાશ, પશુઓ માટે ઘાસચારો, ઠંડા પાણીની બોટલનું વિતરણ કરાયું.

● સે. ૧૬ ભુવનેશ્વર મહાદેવ મંદિરે અરૂણ બૂચ, સંદિપ જોશી અને છેલભાઈ જોશીએ રથયાત્રાનું સ્વાગત કર્યું.

● સે-૬ બિપિનસિંહ રાઓલે ભકતોને ગરમાગરમ ચ્હા પિવડાવી તાજા રાખ્યા.

● સે. ૬ મિત્રમંડળ દ્વારા ઠંડા પાણીના પાઉચ અને બુંદીનું વિતરણ કરાયું.

● સેક્ટર-૬ જ-ટાઈપ મિત્રમંડળ દ્વારા ઠંડી છાશનું વિતરણ કરાયું.

● ૩/૬ ચોકડી પાસે મયંકભાઈ જયસ્વાલે શીરો પિરસ્યો.





● સે. ૬ કનુભાઈ દવે, ડે. મેયર કાર્તિકભાઈ પટેલે કાંસાની થાળી વગાડી ઘંટનાદ કર્યો.

● ઘ-૨ સર્કલ પાસે ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશભાઈ પટેલે રથયાત્રાનું સ્વાગત કર્યુ. આ પ્રસંગે કનુભાઈ પ્રજાપતિ, વિક્રમસિંહ ખાચર, પિન્કીબેન પટેલ, રજનીભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

● ૨/૭ પાસે લાયન્સ, લાયોનેસ અને લીયો ક્લબના પ્રમુખો દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું. ભગવાનની આરતી કરી બિસ્કીટ અને પાણીના પાઉચનું વિતરણ કર્યું.

● સેક્ટર-૭ શાકભાજી એસોસિએશન દ્વારા શરબત, કાકડી અને ઠંડી છાશ ભક્તોને પીવડાવી.

● સેક્ટર-૮ ખાતે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જ્હા અને સ્ટાફ દ્વારા ભગવાન જગન્નાથ બહેન શુભદ્રા અને ભાઈ બલરામની આરતી ઉતારી સ્વાગત કરવામાં આવ્યું હતું.

● ઘ-૨ પાસે બગી હાંકતા ઘોડા થાકી જતા રસ્તા પર જ ઉભા રહી ગયા. પાણી પિવડાવ્યા બાદ આગળ ચાલ્યા.



● સેક્ટર-૧૭માં મિકી માઉસનો વેશ ધારણ કરેલ યુવાન ઊંટલારીમાંથી નીચે પટકાયો હતો અને હાથમાં ફ્રેક્ચર થયું.

● અખાડામાં કરતબ દરમિયાન અનેક કસબબાજો નાની-મોટી ઈજાઓથી ઘાયલ થયા.

● શહેરના સેક્ટર-૮ શોપીંગ ખાતે વેપારીઓ અને વસાહતીઓએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.

● સે. ૧૦ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા છાશ અને પાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● સે. ૧૯ છ-માર્ગ પર પોલીસભવન ખાતે રાજ્ય પોલીસ વડા પી.સી. ઠાકુરે યાત્રાનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું.

● છ-૫ સર્કલ પાસે સચિવાલય સ્ટાફ એસોસિએશન દ્વારા જાંબુની પ્રસાદીનું વિતરણ કર્યું હતું.

● સે. ૧૯ ખાતે મોટી સંખ્યામાં વેપારી અને વસાહતીઓએ સ્વાગત કર્યું હતું.

● સે. ૨૦ ખાતે અક્ષરધામ મંદિરે ભગવાન જગન્નાથજીને જાંબુ, કાકડી, ફણગાવેલા કઠોળ, મીઠાઈ, સાકર વગેરેની પ્રસાદનો થાળ ધરાવવામાં આવ્યો હતો.

● સે. ૩૦માં ગુરૂદ્વારા પાસે છાશ અને પાણીનું વસાહતીઓએ વિતરણ



(તસવીર : દિપક જાની)

કર્યું હતું.

● સે. ૨૮ મહાકાળી મંદિરે ભક્તોને લીંબુ શરબત આપવામાં આવ્યો.

● સે. ૨૮ ગાર્ડન પાસે દર વર્ષની જેમ મુસ્લિમ સમાજ દ્વારા કોમી એખલાસનુ વાતાવરણ પુરૂ પાડ્યું હતું. અહિયા સે. ૨૯ હુસેની કમિટીના પ્રમુખ દરિયાખાન સિપાહી, આઝાદભાઈ મનસુરી, પૂર્વ ડેપ્યુટી મેયર યુસુફભાઈ પરમારે ફૂલહારથી રથયાત્રાનું સ્વાગત કરાયું હતું. તેમજ ચીપટાઈપ શોપીંગ સેન્ટર પ્રમુખ જીતેન્દ્રસિંહ વાઘેલા, વસંતુભાઈ પરમાર, ડૉ. અજીતભાઈ, સિતારામભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

● સે. ૨૮ એકતા મિત્ર મંડળ દ્વારા પાણીના પાઉચ અને પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● સે. ૨૮ શોપીંગ સેન્ટર પાસે સવજીભાઈ, ધર્મેન્દ્રભાઈ, મનોજભાઈ અને મણીભાઈ પ્રજાપતિ દ્વારા લીંબુ પાણીની સેવા આપવામાં આવી હતી.

● સે. ૨૮ દત્ત મંદિર દ્વારા ભગવાન જગન્નાથજીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

● સે. ૨૮ સમર્પણ સ્કૂલ પાસે વૈભવ જાની દ્વારા દરેક ભક્તજનોને આઈસ્ક્રીમ ખવડાવવામાં ાવી હતી.

● સે. ૨૭ ચીપટાઈપ શોપિંગ સેન્ટર મિત્ર મંડળ દ્વારા દર વર્ષની જેમ લીંબુ શરબત, ઠંડા પાણીના પાઉચ અને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● વરિયા પ્રજાપતિ સમાજ દ્વારા સે. ૨૮ ખાતે લીંબુ શરબત, ઠંડુ પાણી ભક્તોને આપવામાં આવ્યું. પ્રસાદમાં મગ આપવામાં આવ્યા.

● સે. ૨૭માં કમલેશ નાયક અને ભિખાભાઈ ગોસ્વામી દ્વારા પાણીના પાઉચ અપાયા.

● સે. ૨૭ એસ.આર.પી. ગૃપ-૧૨ દ્વારા ઠંડી અને મસાલેદાર છાશ ભક્તોને પીવડાવવામાં આવી.

● ડી.એસ.પી. ઓફિસ ખાતે વિરેન્દ્રસિંહ યાદવ, એસ.પી. ગાંધીનગરે ભગવાન જગન્નાથજીની પૂજા કરી રથનું સ્વાગત કર્યુ.

● સે. ૨૭ ખાતે એ.પી. સેના સેક્ટર-૨૮ દ્વારા ઠંડી છાશ પીવડાવાઈ.

● શિવશક્તિ મંદિર ગૃપ સેક્ટર-૨૭ કેળાનું વિતરણ કર્યું.

● સે. ૭ બાલમુકુંદ મંડળ દ્વારા ચ્હા, પાણી અને બિસ્કીટનું વિતરણ ભક્તજનોને વિતરણ કરવામાં આવ્યું.

● સે. ૨૪ ડબલડેકર મિત્રમંડળના અરૂણ દરજી સહિતના મિત્રોએ શરબત, લીચી અને દાડમ રસ ભક્તોને પીવડાવ્યો.

● સે. ૨૪માં પહોંચેલી રથયાત્રામાં એક ભજન મંડળીના ભાવિક બહેનનો થેલો અન્ય ટ્રેક્ટરમાં રહી જવાથી હાંફળા ફાંફળા થઈ ગયા હતા અને થેલો શોધવા બંદોબસ્તના ટ્રાફિક પોલીસના જવાનોને પણ તેમણે કામે લગાડી દીધા હતા. અંતે થેલો મળી જતા તેમણે રાહતનો દમ લીધો હતો.

● સે. ૨૪માં સ્વામી વિવેકાનંદ સ્કૂલના ૧૫ ભુલકાઓએ કાનુડાની વેશભૂષા સાથે રથયાત્રાનું સ્વાગત કર્યું હતું. આ ભુલકાઓ સાથે શાસ્ત્રીજીએ ફોટોગ્રાફ પડાવ્યા હતા.

# દેના બેંકનો ધિરાણ વિતરણ સમારોહ યોજાયો

## ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ૮૭ શાખાઓ દ્વારા ૧૪૫૪ લાભાર્થીઓને રૂ. ૨૬૬ કરોડનું ધિરાણ વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૮

દેના બેંકની ગાંધીનગર ખાતેની ઝોનલ ઓફિસ દ્વારા તા. ૧૬મી જુલાઈ ગુરૂવારે હિંમતનગરના સ્વામિનારાયણ મંદિર ખાતે ધિરાણ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો. સાબરકાંઠા જિલ્લાના કલેક્ટર પી. સ્વરૂપની અધ્યક્ષતામાં યોજાયેલ આ સમારોહમાં દેનાબેંકની ત્રણ જિલ્લાની ૮૭ શાખાઓ દ્વારા કુલ ૧૪૫૪ લાભાર્થીઓને રૂ. ૨૬૬ કરોડનું ધિરાણ મંજૂર કરી તેના મંજૂરીપત્રો-ચેકનું વિતરણ કરાયું હતું.

ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લાભાર્થીઓ માટે યોજાયેલા ધિરાણ વિતરણ સમારોહમાં અતિથિવિશેષ પદે દેનાબેંકના ડેપ્યુટી જનરલ મેનેજર આર.એ. ગુપ્તા, ઝોનલ મેનેજર ચિત્રા કીર્તિવાસન, ડેપ્યુટી ઝોનલ મેનેજર પ્રેમસિંહ નેગી વગેરે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં દેનાબેંક હિંમતનગરના મહાપ્રબંધક બી.ડી. ઉપાધ્યાયે સ્વાગત પ્રવચન કર્યું હતું. પ્રેમસિંહ નેગીએ તેમના ઉદ્‌બોધનમાં આર્થિક વિકાસ માટે દેના બેંકનો મહત્તમ લાભ લેવા ઉપસ્થિત ગ્રાહકોને અનુરોધ કર્યો હતો. જ્યારે ચિત્રા કીર્તિવાસને બહેનોને મહિલા સશક્તિકરણ માટે આગળ આવવા આહ્‌વાન કર્યું હતું. પી. સ્વરૂપે દેના બેંકની કામગીરીના વખાણ કરતા ગ્રામીણ જનના રોજગારી મેળવી આત્મ નિર્ભર બની શકે તે માટે કૌશલ્યવર્ધન તાલીમ માટે દેના બેંકને અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં વડાપ્રધાન દ્વારા પ્રસ્તુત યોજનાઓ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા યોજના અને અટલ પેન્શન યોજનાની માહિતી આપતા સ્ટોલ પણ ઉભા કરાયા હતા. કાર્યક્રમના અંતમાં દેનાબેંકના લીડ મેનેજર અભિષેક ભંડારીએ આભાર વિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન આર.કે. મકવાણા, અમનદીપ સિંહ, નયન પટેલ, સાગર જોન્ધલે, ગોવિંદસિંહ રાઠોર અને વિશાલ ભડ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





## બસોબ્યાસી વણકર સમાજ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર વસાહતી બસોબ્યાસી વણકર સમાજ દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે. તેમજ સરકારી નોકરીમાં નિમણૂંક પામેલા, કર્મચારી અધિકારીઓનું વિશેષ સન્માન કરવામાં આવશે.

ગાંધીનગર વસાહતી બસોબ્યાસી વણકર સમાજનો તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો પાંચમો સમારોહ આગામી સમયમાં યોજવામાં આવશે. જેમાં ધોરણ-૧૦માં ૮૦ ટકા, ધોરણ-૧૨માં ૭૫ ટકા, ગ્રેજ્યુએટમાં ૬૦ ટકા અને પોસ્ટ ગ્રેજ્યુએટમાં ૫૫ ટકા ગુણ મેળવેલ વિદ્યાર્થીઓએ માર્કશીટ નકલ સેક્ટર- પ્રતિનિધિને ૩૧ જુલાઈ પહેલા વિગત સાથે મોકલી આપવા જણાવાયું છે.

સમાજના દિકરા, દીકરીઓ સરકારી નોકરીમાં ૧, એપ્રિલથી ૩૦ જુલાઈ સુધી નિમણુંક પામેલા કર્મચારીઓને સન્માનીત કરવામાં આવે છે. કર્મચારીઓએ સરકારી ઓર્ડરની નકલ સરનામા સાથે પ્રતિનિધિઓને મોકલી આપવા સમાજે જણાવ્યું છે.

## કુબેરનગર ખાતે ડાન્સીંગ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૮

અમદાવાદના આમ આદમી જનસેવા કેન્દ્ર દ્વારા કુબેરનગર વિસ્તાર અને તેમાં સમાવિષ્ટ શાળા નં. ૫ થી ૧૧ વર્ષના બાળકો માટે ડાન્સ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું છે જેની સેમી ફાઈનલ આજે ૧૯મી જુલાઈએ યોજાશે.

ભારતનું ભવિષ્ય એટલે બાળકો અને આ બાળકોમાં રહેલી શકિતને બહાર લાવવા તેમના ઉત્સાહમાં વધારો કરવા અમદાવાદની આમ આદમીજન સેવા કેન્દ્ર દ્વારા આ સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધામાં કુલ ૫૦૦ જેટલા બાળકોનું ઓડિશન લેવામાં આવ્યું હતું. આ સ્પર્ધા આજે ૧૯મી જુલાઈ ૨૦૧૫ને સાંજે પાંચ વાગે કુબેરનગર ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત પ્રદેશ કોંગ્રેના પ્રમુખ ભરતસિંહ સોલંકી ખાસ ઉપસ્થિત રહેશે. આ તમામ સ્પર્ધાનું આયોજન સંસ્થાના પ્રમુખ લતાબેન ભાટીયા કરી રહ્યા છે.

## ડભોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ વસતી દિનની ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના ડભોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ગુરૂવારના રોજ વિશ્વ વસતી દિનની ઉજવણીના ભાગરૂપે 'સમજો તો સારૂ' નાટક પૂર્વી આર્ટ થિયેટર્સ દ્વારા ભજવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં નાનુ કુટુંબ સુખી કુટુંબ, નાના કુટુંબના ફાયદા, પુરૂષ નસબંધી, મોડા લગ્ન ઓછા બાળ સહીતના વિષયોનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત શિહોલી મોટી અને સાદરાની હાઈસ્કૂલમાં પણ આ દિન અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામો આપ્યા હતા.

ડભોડા ખાતે કાર્યક્રમમાં જિલ્લા આઈ.સી.સી. અધિકારી ચેતનાબેન પટેલ, બ્લોક અધિકારી રાજુભાઈ પટેલ, ડભોડા આયુષ મેડિકલ ઓફિસર નિપાબેન પટેલ, ડૉ. તેજશ મિસ્ત્રી તથા આશા વર્કર બહેનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

# ભગવાનના મોસાળમાં ૪૫૦૦ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો

## સેક્ટર-૨૯ જલારામ સમાજ દ્વારા ૪૦૦ કિલો શુધ્ધ ઘીનો મોહનથાળ, એક હજાર લીટર ઠંડી છાશ અને ખિચડી શાક પિરસ્યુ

ગાંધીનગર, તા. ૧૮


પાટનગરમાં ભગવાન જગન્નાથજી, બહેન શુભદ્રાજી અને ભાઈ બલરામ આજે નગરચર્યાએ નીકળ્યા હતા. ભગવાનના મોસાળમાં ભક્તો માટે ચોખ્ખા ઘીના મોહનથાળ સાથે ખિચડી અને શાકની વ્યવસ્થા કરવામાં આવી હતી. ૪૫૦૦ ભક્તોને મોસાળમાં પ્રસાદ પિરસવામાં આવ્યો હતો.

ગાંધીનગરમાં ૩૧ વર્ષથી ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળે છે અને ૩૧ વર્ષથી સેક્ટર-૨૯માં મોસાળુ કરવામાં આવે છે. જેમાં ૨૮ વર્ષથી જલારામ સેવા સમાજ ભક્તજનોને મોસાળુ જમાડે છે. આજે નિકળેલ રથયાત્રામાં જોડાયેલ ભગવાનના ભક્તો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.



જલારામ સેવા સમાજના પ્રમુખ જીતુભાઈ સેજાણીએ જણાવ્યુ હતુ કે આ વર્ષે ભક્તો માટે ચોખ્ખા ઘીનો ૪૦૦ કિલો મોહનથાળ, ૪૦૦ કિલો મગદાળ સાથે ખિચડી, ૫૦૦ કિલો બટાકા, ટામેટા, વટાણાનું મિક્ષ રસ નિતરતુ શાક અને એક હજાર લીટર ઠંડી છાશની વ્યવસ્થા કરવામાં આવી છે.

૪૫૦૦ જેટલા ભક્તો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભગવાનનું મોસાળુ કરવા માટે જલારામ સેવા સમાજના ૧૦૦થી વધુ સભ્યો પંદર દિવસથી કાર્ય કરી રહ્યા હતા. ખભેખભો મિલાવી પંદર દિવસથી ભગવાન જગન્નાથજીનું મોસાળુ કરવા ઉત્સાહિત થઈને કાર્ય કરી રહ્યા હતા. રથયાત્રા બપોરે ૧.૦૦ વાગે સેક્ટર-૨૯ જલારામ મંદિર ખાતે પહોંચી ત્યારે રથયાત્રામાં જોડાયેલા ભક્તોએ ખિચડી, શાક, છાશ અને મોહનથાળનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો.



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

જલારામ સેવા સમાજ દ્વારા મિનરલ પાણીની બોટલ, ભક્તોને પીવા માટે આપવામાં આવતી હતી. તેમજ મંદિર પરિસરના પટાંગણમાં ખુબજ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સેવા સમાજના સભ્યો અને મહિલાઓએ ભક્તોને ભોજન પ્રસાદ પિરસ્યો હતો.

# શહેરમાં રથયાત્રા પૂર્વે રથયાત્રા નિકળી

## સરગાસણ સ્થિત કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા રથયાત્રા કાઢવામાં આવી : વિદ્યાર્થીઓએ ભગવાનના વેશ ધારણ કર્યા

ગાંધીનગર, તા.૧૮

શહેરમાં આજે ભગવાન જગન્નાથજીની રથયાત્રા પરંપરાગત રીતે નિકળી હતી. પરંતુ રથયાત્રાની પૂર્વ સંધ્યાએ પણ રથયાત્રા નિકળી હતી. કામેશ્વર સ્કુલ સરગાસણ દ્વારા સ્કુલ અને પાસેના વિસ્તારમાં રથયાત્રા કાઢવામાં આવી હતી.

ગાંધીગર પાસે આવેલ સરગાસણ સ્થિત કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા શુક્રવારે પરંપરાગત ઉંટલારીમાં ભગવાન જગદીશ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામને બેસાડી રથયાત્રા કાઢવામાં આવી હતી. શાળાના બાળકોએ ભારત માતા, સૈનિક, ગણેશજી, હનુમાનજી, ભગવાન શંકરનો વેશ ધારણ કર્યો હતો.



રથયાત્રામાં ઉંટલારી, ટ્રેક્ટર અને ડીજે મ્યુઝિક સાથે રથયાત્રાએ આજુ બાજુના વિસ્તારમાં પરિભ્રમણ કર્યું હતું. ત્યારે સૌ કોઈ રથયાત્રા પૂર્વે રથયાત્રા જોઈને અચંબિત થઈ ઉઠયા હતા. ભકતો દર્શન કરવા માટે રથ પાસે લાઈન લગાવી રહ્યા હતા. રથયાત્રાનું આયોજન શાળના ટ્રસ્ટી મનિષભાઈ પ્રજાપતિ અને જોલી વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં શાળા પરિવાર જોડાયો હતો.

# યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉ નો બીજો સ્થાપના દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૮

યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉ (UWSL) દ્વારા આજે તેના બીજા સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે 'વિકસતા દેશોમાં મફત કાનૂની સહાય' વિષયે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

કર્ણાવતી નોલેજ વિલેજ ખાતે આવેલા સંસ્થાના સંકુલમાં આજે કાનૂની અને માનવ અધિકાર સમુદાયના જાણીતા લોકો હાજર રહ્યા હતા અને વિકસતા દેશોએ એકબીજાને સહયોગ આપીને જે લોકોને કાનૂની સહાય ઉપલબ્ધ નથી તેમને આવી સહાય ઉપલબ્ધ કરવાની જરૂરિયાત અંગે ચર્ચા કરી હતી.



આ વિષય એટલા માટે મહત્વ ધરાવે છે કે અવકિસિત રાષ્ટ્રોમાં હજુ ઔદ્યોગિક ક્ષેત્ર વિકસી રહ્યું છે અને ત્યાં ઘણા લોકોને ન્યાય મેળવવા માટે તેમનું પ્રતિનિધિત્વ કરવાનો ખર્ચ પોસાતો નથી. આથી વ્યક્તિને યોગ્ય ન્યાય મળવો જોઈએ તેવી વિશ્વભરમાં સ્વિકારાયેલી માન્યતાનો અર્થ સરતો નથી અને આ સ્થિતિને કારણે સમાનતાના સિદ્ધાંતને હાની પહોંચે છે.

આવી માન્યતાના સંદર્ભમાં જે કોમ્યુનિટી લીગલ ક્લિનિકનો અભિગમ ઉદ્‌ભવ્યો અને ઘણીવાર કેટલાક કેસને સરકાર તરફથી સહયોગ મળતો રહ્યો. જે લોકો કાનૂની સહાય મેળવવા માગતા હોય તેમને આવી સહાય વિના મૂલ્યે મળવી જોઈએ. આ માન્યતા માનવતાના ધોરણે પણ વેગ પકડી રહી છે.

યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉ ખાતેઆજના સમારંભમાંજેમહાનુભવો હાજર રહ્યા હતા તેમાં ગુજરાત રાજ્ય માનવ અધિકાર પંચના ચેરપર્સન ડૉ. જસ્ટીસ જે.એન. ભટ્ટ મુખ્ય મહેમાન હતા. નેશનલ જ્યુડીશિયલ એકેડમીના ભૂતપૂર્વ ડિરેક્ટર અને યુનાઈટેડ વર્લ્ડ ઓફ લૉ ના ચીફ મેન્ટર પદ્મશ્રી પ્રો. ડૉ. માધવ મેનનો સમાવેશ થતો હતો. મુખ્ય મહેમાનને વિદ્યાર્થીઓને 'અસરકારક ન્યાય પૂરો પાડવામાં કાયદાના વિદ્યાર્થીઓની ભૂમિકા' વિષયે સંબોધન કર્યું હતું.